નં.જીઆઈડીસી/કા.નિ/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૯૨
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

તારીખઃ– ૦૭–૭–૨૦૧૭.

// **પરિપત્ર** //

**વિષયઃ– ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં પ્લોટ/મિલ્કતની તબદીલી કરવા/ કબજો સોંપવા અંગે કરવાની થતી કાર્યવાહી બાબત**

નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ/મિલ્કતમાં જયારે ફાળવણીદારનું મૃત્યુ થાય ત્યારે તેના સીધી લીટીના વારસદારો/ વીલ આધારીત પ્લોટ/મિલ્કતની તબદીલી અથવા તો પ્લોટ/મિલ્કતનો કબજો સોંપવા માટે પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/કા.નિ/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૨૯ તા.૨૪–૮–૨૦૧૨ થી પરિપત્રિત સુચનાઓ જારી કરવામાં આવેલ છે. તા.૨૪–૮–૨૦૧૨ થી પરિપત્રિત થયેલ નીતિ વિષયક જોગવાઈઓમાં પડતી મુશ્કેલી અન્વયે નવી સર્વગ્રાહી નીતિ તા.૨૦–૬–૨૦૧૭ ના રોજ મળેલ નિગમની તા.૪૯૬ મી સભામાં નવી સર્વગ્રાહી નીતિ મંજુર કરવામાં આવેલ છે જે પ્રમાણે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(અ) **મૃત્યુ પામેલ મૂળ ફાળવણીદારે ફાળવેલ મિલ્કતનો કબજો સંભાળેલ હોય : મૂળ ફાળવણીદારના વારસદારો ઉપલબ્ધ હોય :**

(૧) પેઢીનામુ ઉપલબ્ધ હોય તેવા કિસ્સામાં મરણનું અસલ કે નોટરાઈઝ કરેલ પ્રમાણપત્ર, પેઢીનામુ તથા કુલ વારસદારો પૈકી કોઈ એક અથવા એકથી વધુ વારસદારોની તરફેણમાં થતી તબદીલી માટે અન્ય વારસદારોનું સંયુકત કે વ્યકિતગત સ્ટેમ્પ પેપર ઉપર કાર્યાન્વિત કરી, "ના વાંધા" અંગેનું નોટરાઈઝડ સોગંદનામુ મેળવવાનું રહેશે.

(૨) જે કિસ્સામાં પેઢીનામુ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં પેઢીનામાને સ્થાને અરજદારે (transferor) એક એફીડેવીટ કરવાનું રહેશે કે સોગંદનામામાં જણાવ્યા સિવાયના મૂળ ફાળવણીદારના અન્ય કોઈ કાયદાકીય વારસદારો છે નહીં.

(૩) જે કિસ્સામાં મૂળ ફાળવણીદારે વીલ (will) કરેલ હોય તેવા કિસ્સામાં વીલની અસલ કે નોટરાઈઝ કરેલ નકલ રજુ કરવાની રહેશે.

(૪) કુલ વારસદારો દર્શાવતું સોગંદનામુ અથવા તો વીલના આધારે નિગમ જયારે તબદીલી ગ્રાહય રાખે ત્યારે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર કોઈ પણ કાયદાકીય/ નાણાંકીય જવાબદારી માટે નિગમને indemnify કરવા અરજદાર (transferor અને transferee) ધ્વારા ઈન્ડેમનીટી બોન્ડ આપવાનું રહેશે.

(૫) કુલ વારસદારો દર્શાવતું સોગંદનામુ અથવા તો વીલના આધારે નિગમ જયારે કામચલાઉ તબદીલી હુકમ જારી કરે ત્યારે તેમાં એ શરત રાખવાની રહેશે કે અરજદાર (transferor) ધ્વારા કોઈ પણ માહિતી કે વિગતો છુપાવી હશે કે ખોટી રજુ થઈ હશે તો આવી તબદીલી રદબાતલ કરવાનો કે ફોજદારી ગુનો નોંધવાનો

નિગમને અબાધિત અધિકાર રહેશે. જેની "transferor અને transferee" એ સ્વીકૃતી સાથેનું undertaking આપવાનું રહેશે.

(૬) કુલ વારસદારો દર્શાવતું સોગંદનામું અથવા (will) વીલના આધારે થતી તબદીલીના કિસ્સાઓમાં નિગમને અરજી મળે, ત્યારે નિગમ ધ્વારા વર્તમાનપત્રોમાં "વાંધાઓ" મંગાવતી જાહેર નોટીસ આપવાની રહેશે. જેમાં જાહેર નોટીસની તારીખથી ૧૦ દિવસની સમયમર્યાદામાં "વાંધાઓ" મંગાવવાના રહેશે. "વાંધાઓ" આવ્યેથી તેનો નિયમોનુસાર નિકાલ કરીને તબદીલીનો હુકમ જારી કરવાનો રહેશે.

(૭) ઉપરોક્ત દરેક કિસ્સામાં જે તે મિલ્કતની કબજા પાવતી રજુ કરવાની રહેશે.

(૮) મૃત્યુ પામેલ મૂળ ફાળવણીદારે ફાળવેલ મિલ્કતનો કબજો સંભાળેલ હોય અને મૂળ ફાળવણીદારના વારસદારો/વસીયતદારો ઉપલબ્ધ ન હોય તે કિસ્સામાં ક્ષેત્રીય કચેરી ધ્વારા વારસદાર કે વસીયતદારની ખરાઈ કરાવવા વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવી અને જો કોઈ વારસદાર ઉપલબ્ધ બને તો તેની તરફેણમાં મિલ્કતને તબદીલ કરવી કે કબજો સોંપવા અંગેની નિયમાનુસારની ઘટીત કાર્યવાહી કરવાની રહેશે પરંતુ, જો કોઈ વારસદારો કે વસીયતદારો ઉપલબ્ધ ન હોય તો પંચનામુ કરી, આવી મિલ્કતનો કબજો હસ્તગત કર્યા બાદ, પ્રવર્તમાન નીતિ નિયમોનુસાર વિતરણની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(બ) <u>**મૃત્યુ પામેલ મૂળ ફાળવણીદારે વિતરણ રકમ ભરેલ હોય પરંતુ, મિલ્કતનો કબજો ન સંભાળ્યો હોયઃ**</u>

(૧) જે કિસ્સામાં વિતરણ થયું હોય અને વારસદારો/વસિયતદારો ઉપલબ્ધ હોય પરંતુ, વિતરણ સામે કોઈ રકમ ભરપાઈ કરવામાં આવેલ ન હોય તેમાં વિતરણ રદ્દબાતલ (rescindment) કરવાનું રહેશે.

(૨) જે કિસ્સામાં વિતરણ થયા બાદ વિતરણ માટેની કુલ રકમ કે આંશિક રકમ ભરપાઈ થયેલ હોય અને વારસદારો/વસિયતદારો ઉપલબ્ધ હોય પરંતુ, લાયસન્સ એગ્રીમેન્ટ(કરારખત) ન થયું હોય તેમાં વિતરણ રદ્દબાતલ કરી (rescindment) ભરેલ રકમ નિગમની ડીપોઝીટ પરત કરવાની નીતિ મુજબ વ્યાજ સાથે પરત કરવાની રહેશે.

(૩) જે કિસ્સામાં વિતરણ થયું હોય અને કુલ કિંમત કે આંશિક કિંમત ભરપાઈ થયેલ હોય તેમજ લાયસન્સ એગ્રીમેન્ટ (કરારખત) એકઝીકયુટ થયું હોય તે કિસ્સામાં જો કોઈ વારસદાર કે વસીયતદાર ઉપલબ્ધ હોય અને ૯૦ દિવસની સમયમર્યાદામાં મિલ્કતની માંગણી મુકે તો પ્લોટ/મિલ્કતનો કબજો સોંપી, ઉપર મુજબ તબદીલીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. પરંતુ, નિયત સમયમર્યાદામાં આવી માંગણી ન આવે તો પંચનામુ કરી, આવી મિલ્કતનો કબજો નિગમે હસ્તગત કર્યા બાદ, પ્રવર્તમાન નીતિ નિયમ મુજબ વિતરણની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) જે કિસ્સામાં મૂળ ફાળવણીદારના વારસદારો કે વસીયતદારો ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં વિતરણ રદ્દબાતલ (Rescindment) અથવા resume કરી, વિતરણના નીતિ નિયમો અનુસાર આવી મિલ્કતની ફાળવણી હાથ ધરવાની રહેશે.

(ક) **<u>રજીસ્ટાર ઓફ ફર્મસ ( RO F) તથા રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ (ROC) ના કિસ્સામાં મૂળ ફાળવણીદારના મૃત્યુ પશ્યાત તબદીલીના કિસ્સામાં કરવાની થતી કાર્યવાહી :</u>**

પરિપત્રક્રમાંકઃઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૩૧/૯૭ તા.૨૮–૧૦–૧૯૯૭ તથા પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ પોસ્ટ–વિતરણ/ પોલીસી/૬૯ તા.૧૮–૨–૨૦૧૭ થી થયેલ પરિપત્રિત સુચના/જોગવાઈઓનો ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં મિલ્કતનો કબજો સોંપવા/ તબદીલ કરવા અંગે લાગુ પાડવાની રહેશે નહીં અને ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં ઉપર જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં, કુલ વારસદારો દર્શાવતું સોગંદનામુ અથવા વીલના આધારે થતી તબદીલીના કિસ્સામાં વર્તમાનપત્રોમાં આપવાની થતી જાહેર નોટીસ અનુસંધાને જો વાંધાઓ આવે અને તે સ્વીકાર્ય જણાય તે સંજોગોમાં પ્રોબેટ મંગાવવું ફરજીયાત રહેશે.

સદર પધ્ધતિ હવે પછી રજુ થનાર અથવા નિર્ણય માટે પડતર તમામ કિસ્સાને લાગુ પાડવાની રહેશે. અગાઉ નિર્ણિત થયેલ કિસ્સા ખોલવાના રહેશે નહીં. સદર પધ્ધતિ નિગમની તમામ પ્રકારની મિલ્કતને લાગુ પડશે. તા.૨૪–૮–૨૦૧૨ થી પરિપત્રિત થયેલ નીતિ આ નીતિ અમલી બન્યા તારીખથી રદ્દબાતલ કરવામાં આવે છે.

આવા કિસ્સાઓમાં તબદીલી ફી તથા વપરાશ બાબતે નિગમની સામાન્ય નીતિને અનુસારવાનું રહેશે.

આથી નિગમના તમામ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે આ સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા આ પરિપત્ર મળ્યાની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (પોસ્ટ વિતરણ) ને નામજોગ પાઠવવી.

સહી/–
( ડી. થારા )
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ............
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ.....તરફ જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓને જાણ કરવા સારુ.
- મેનેજરશ્રી, કોમ્પ્યુટર શાખા, જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર...તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારુ.

રવાના કર્યુ,

કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)